# બે અવતરણચિહ્નો વચ્ચેનું અનેરું કવિકર્મ

## રડો ન મુજ મૃત્યુને!

[ચ્હાવાનું કહેવું સહુને નથી સ્હેલું કાંઈ.
– જાન્યુ. 30, 1948]

‘રડો ન મુજ મૃત્યુને! હરખ માય આ છાતીમાં
ન રે! – ક્યમ તમેય તો હરખતાં ન હૈયા મહીં?
વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી,
અને નહીં શું પ્રેમધાર ઊછળી અરે કે રડો?
હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે?
અધૂરપ દીઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો?

તમે શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા
અવાક અસહાય હું હૃદયમાં રૂંધી સત્યને
શ્વસ્યાં કરત ભૂતલે? મરણથી છૂટ્યો સત્યને
ગળે વિષમ જે હતો કંઈક કાળ ડૂમો! થયું
સુણો પ્રગટ સત્ય : વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!
હસે ઈસુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.’
‘અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.’

– ઉમાશંકર જોશી (અમદાવાદ, 1–2–1948)

સૉનેટ ઉપર સૉનેટ રચતાં પ્રખ્યાત કવિ Dante Rossetti પ્રથમ પંક્તિમાં જ કહી દે છે :

**‘A Sonnet is a monent’s monument –’**

સૉનેટ – ક્ષણનું સ્થાપત્ય છે. આ કાવ્યમાં સ્થાપત્ય કહેતાં ભાષાકર્મ અને

ભાવગૂંથણી બંને સમાવિષ્ટ થાય છે. ઉપરથી સાવ સરળ અને વિધાનાત્મક લાગતી આ રચના વાસ્તવમાં વિશિષ્ટ કૃતિ બને છે.

આ સમગ્ર સૉનેટ માત્ર બે અવતરણચિહ્નોમાં મૂકવામાં આવ્યું છે! પ્રથમ અવતરણચિહ્નમાં બાર પંક્તિઓ અને બીજા અવતરણમાં બે પંક્તિઓ છે. કવિના સજાગ છતાં સહજ ભાષાકર્મ તરફ તેથી તરત ધ્યાન જાય છે. સાતમી સદીમાં જે કાવ્યસ્વરૂપનો આરંભ થયેલો એ ‘ઇટાલિયન સૉનેટ’ની સંરચનાનો અહીં ઉપયોગ થયો છે. મૂળે મિત્ર કે સ્વજનને ઉદ્બોધન અર્થે રચાયેલું આ સ્વરૂપ સમય જતાં આંતરિક પરિવર્તનો આણે છે. પ્રસ્તુત કાવ્યમાં ભાવગૂંથણી વિશિષ્ટ છે. પ્રથમ બાર પંક્તિમાં કવિ ગાંધીચેતનામાં રહીને ગાંધી વતીથી અભિવ્યક્તિ કરે છે તો બીજી બે પંક્તિમાં ‘કવિ’ સમાજ વતીથી અભિવ્યક્તિ મૂકે છે. આમ સાતમી સદીમાં આરંભાયેલું આ સ્વરૂપ અહીં ‘સ્વ’થી ‘સમાજ’ સુધી વિસ્તરેલું જોવા મળે છે. પ્રથમ બાર પંક્તિઓ છ–છના બે ‘અંતરાથી’ મઢેલી છે. જે એક પિતા વતીથી કવિ ઉદ્બોધન કરે છે, જ્યારે અંતિમ બે પંક્તિઓ કવિ એક પુત્ર વતીથી ઉદગારે છે.

‘અપંગ માનવતા’ને કાજ જેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું છે એ ‘યુગવણકર’ ગાંધીને કેન્દ્રમાં રાખી લખાયેલું આ કાવ્ય વાંચતાં જ રેંટિયાબારસ પર રચેલા એક કાવ્યની પ્રથમ પંક્તિ યાદ આવી જાય છે :

*ક્યાંથી કો દિવસ ઊગવો તમારા વિના?*

ગાંધી નથી છતાં છે, એ આપણા સમયના માનવીય સંવેદના અનુભવતા હરકોઈની અનુભૂતિ છે. ત્યારે 1948માં પૃથ્વી છંદમાં રચાયેલા આ સૉનેટની પ્રથમ પંક્તિ આપણને અત્યારે એટલી જ પ્રસ્તુત અને જીવંત લાગે છે. કદાચ, વિદાય લેતાં હરએક પ્રજ્ઞાવાન મનુષ્ય કહે એમ જ –

*રડો ન મુજ મૃત્યુને! હરખ માય આ છાતીમાં.*

આ પંક્તિ પછી તરત કવિ એનો જાણે જવાબ પણ સહજ આપી દે છે. જેમાં મૃત્યુમાં પણ જીવનનો અર્થ છે. મૃત્યુશરણ થયેલા આ મૂઠી ઊંચેરા માનવી વતીથી કવિદૃષ્ટિ અનેરું વિધાન કરે છે :

*વીંધાયું ઉર તેથી કેવળ*
*શું રક્તધારા છૂટી,*
*અને નહીં શું પ્રેમધાર*
*ઊછળી અરે કે રડો?*

રક્તધારાની સામે પ્રેમધારા મૂકી કવિ, સ્થૂળ ઘટનાને અંકે નહીં કરતાં સૂક્ષ્મ અને સનાતન ભાવ તરફ વાચકને લઈ જાય છે, 'પ્રેમધારા' એ જ 'ગાંધીધારા' અહીં વ્યક્ત થાય છે. છતાં, કવિ જાણે છે ગાંધી પણ મનુષ્ય હતા અને એથી કવિ સજાગ બની એક પંક્તિ આપે છે :

*અધૂરપ દીઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો?*

આ રચનાની પરમ કાવ્ય ક્ષણ, સૉનેટ–સ્થાપત્યનું ચરમ શિખર હવે પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે, સૉનેટમાં આઠ પંક્તિ પછી એક વળાંક આવે છે. જે વળાંક નવીન અભિવ્યક્તિનો નમૂનો બની કાવ્યમાં એક વિસ્ફોટની ક્ષણ રચે છે. આ સૉનેટ ઇટાલિયન સૉનેટ સ્વરૂપથી રચાયેલું છે. એટલે કે બાર વત્તા બે પંક્તિઓની રચના છે. પ્રથમ બાર પંક્તિમાંથી આઠમી પંક્તિમાં કવિ એક અદ્‌ભુત વળાંક મૂકી જાણે કે કવિદર્શનને વહેતું મૂકે છે.

*શ્વસ્યાં કરત ભૂતલે? મરણથી છૂટ્યો સત્યને*
*ગળે વિષમ જે હતો કંઈક કાળ ડૂમો! થયું*

'સત્યને ગળે વિષમ કાળડૂમો' કાળડૂમો જે જે અનુભવતા હશે એ જ રચી શકતા હશે યુગકર્મ. ગાંધીવંદના કહો તો ગાંધીવંદના, કવિસંવેદના કહો તો કવિસંવેદના અથવા કાળચેતના કહો તો તે. પરંતુ, સમયે સમયે રચાતા આવા કાળડૂમા જ શું મનુષ્યજાતિને ઉત્ક્રાંત નથી કરતા? ગાંધીચેતનામાં રમમાણ સૌ કોઈને જાણે નીલકંઠ થયા વગર છૂટકો નથી શું? એક પિતા તરીકે જીવનબોધ કે જીવનદર્શન કે શીખ આથી વિશેષ શું હોઈ શકે? એટલે જ કવિ બીજી પંક્તિ આપે છે :

*સુણો પ્રગટ સત્ય : વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!*

આ ચતુર કવિ 'પ્રગટ સત્ય' કહી મુખર થતી કાવ્યપંક્તિને પ્રમાણે છે અને પ્રેમ શબ્દને ત્રણ વાર મૂકી એની ચિરંજીવિતાને અંકે કરે છે. શ્રી અરવિન્દના મહાકાવ્ય 'સાવિત્રી'માં પણ અંતે મૃત્યુ પર વિજય મેળવી સત્યવાન સાથે પાછી ફરતી સાવિત્રી એક પરમ સત્ય ઉચ્ચારે છે.

*That to feel love and oneness is to live*
*Is all the truth I know or seek.*

આમ ઉપરોક્ત કાવ્યનો 'કાળડૂમો' વ્યક્ત થાય ન થાય ને અંતિમ બે પંક્તિ

જાણે ડૂસકાં રૂપે કવિ આપે છે. જાણે મનુષ્યજાતિના આરંભથી આજ સુધીના લગભગ તમામ દીકરાઓને મુખે શોભે એવા શબ્દો મૂકી, કવિ સ્વયં ઉચ્ચારે છે :

*અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,*
*કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.*

મરણની પાવનતાનો અનુભવ પ્રથમ અંતરો કરાવે છે, બીજો અંતરો યુગવેદના અને યુગદર્શન વ્યક્ત કરે છે તો ત્રીજા અંતરાની અંતિમ બે પંક્તિ પિતાના જીવનબોધને અંકે કરતા પુત્ર સૌ કોઈની સંવેદનાને અભિવ્યક્ત કરતાં કહે છે ‘રડી રહ્યા જીવન’.

અંતિમ પંક્તિના અંતના શબ્દોમાંય કવિકર્મ જોવા જેવું છે. પિતા અને પુત્રના આ સપાટી પર દેખાતા બયાનને અંતે કવિ સ્વકેન્દ્રી નથી રહેતા, એ સર્વકેન્દ્રી બને છે કારણ કે એ ‘રડી રહ્યું જીવન’ એમ ન કહેતાં ‘રડી રહ્યા જીવન’ કહી બધા વતીથી એક વૈશ્વિક અનુકંપા વ્યક્ત કરે છે. કાવ્યઆંતે એક ઊંચા કવિના અક્ષરકર્મની અહીં છબી ઊભરી આવે છે. યુગકર્મ કરનાર ગાંધીની પછવાડે જાણે આ કવિની છબીય આપણે અનુભવીએ છીએ.

મૃત્યુ કેન્દ્રમાં હોય એવી ઘણી રચનાઓ કવિએ આપી છે. એ કાવ્યો વ્યક્તિવિશેષ પણ રહ્યાં છે. પાબ્લો નેરુદા હોય કે સદ્‌ગત મોટાભાઈ કે પછી ‘મૃત્યુ–ક્ષણ’ હોય, એ સૌમાં આપણને એક રણકો સાંભળવા મળે છે, મૃત્યુ પાછળ પાંગરતી માનવતાની મહેક! એટલે જ કવિ ‘મૃત્યુ–ક્ષણ’ નામના એક કાવ્યમાં સ્પષ્ટતા કરે છે :

*એક એક કરતાં આખી પૃથ્વી જાણે ખાલી ખાલી થતી જતી,*
*ઊઘડતી જતી કોઈ બ્રહ્માંડઝાઝેરી ભીતરી સૃષ્ટિ.*

આ બ્રહ્માંડઝાઝેરી ભીતરી સૃષ્ટિ દર્શાવતા કવિને સહજ સહજ વંદન. કવિ આપણી વચ્ચે નથી છતાં છે જાણે આ કવિ અને કાવ્ય માટે John Donneના સૉનેટની પંક્તિ ચરિતાર્થ થતી હોય એમ અનુભવીએ છીએ :

*One short sleep past, we wake eternally*
*And death shall be no more, Death thou shall die...*

●●●

# અનન્ય સંવેદનનું અદ્‌ભુત રૂપાંતર

## ઉપેક્ષિતાનું આલિંગન

રાજેન્દ્ર શાહ

તારુણ્યના ઉન્મદ ભ્રાન્ત દર્પમાં,
મેં એકાદ જે થકી, તુચ્છ ઠેરવી,
લીધી અવજ્ઞાભરી દૃષ્ટિ ફેરવી,
ને લુપ્ત જે વિસ્મૃત અંધગર્તમાં,

અતીતમાં જે સર્યું દૂર દૂરના,
પ્રાચી મહીં તે પ્રગટંત ભાસ્વર.
એના ઋજુ સ્પર્શથી આ ચરાચર
ઉત્ફુલ્લ, હું વિસ્મયમુગ્ધ, પૂરના

પ્રવેગમાં સંસ્થિત, અંતરંગને,
નિહાળું આલિંગન દેતું અંગને.

(સંકલિત કવિતા : પૃ. 617)

કવિ રાજેન્દ્ર શાહનાં કાવ્યો એટલે અનુભવ, અનુભૂતિ અને દર્શનનાં કાવ્યો. અનુભૂતિની પ્રક્રિયાનાં કાવ્યોની અભિવ્યક્તિ, કાવ્યોના શબ્દે શબ્દે આપણને સાંપડે છે. એમનાં કાવ્યોમાંથી સતત બે વાત પ્રાપ્ત થાય છે : આનંદાનુભવ અને સૌંદર્યદર્શન.

આ નાના કાવ્યમાં છે વિરાટનું દર્શન. કવિનું સૌંદર્યદર્શન કાવ્યના પરિશીલનમાંથી અનુભવાય તો છે પણ ભાવકને એક અનન્ય આનંદનો ઉત્કટ સાક્ષાત્કાર પણ કરાવે છે.

'આલિંગન' જેવા શબ્દની રૂઢ અર્થચ્છાયા તો રતિ સંવેદનો જગવે છે. પરંતુ અહીં આ કાવ્યમાં આલિંગન પ્રિયમાત્રને નથી, સમષ્ટ સૃષ્ટિને છે અને છેવટે 'સ્વ'ને છે, પણ નિમિત્ત પેલું પાત્ર બને છે જેની એક દિવસે અવજ્ઞા કરી હતી.

કાવ્ય ત્રણ કાળમાં અને ત્રણ સ્તરે ચાલે છે : ભૂતકાળ, વર્તમાનકાળ અને સનાતનકાળ, જેમાં ભવિષ્યકાળની સંભવિત અવસ્થા છે. ભૂતકાળ હવે અતીત રૂપે છે, અને એ ભુલાઈ ચૂક્યું છે.

*ને લુપ્ત જે વિસ્મૃત અંધગર્તમાં*

વ્યક્તિગત અનુભવનો ભૂતકાળ છે. એક વખતે એ સૌંદર્ય પ્રતિ અવજ્ઞાભરી દૃષ્ટિ ફેરવી લીધી હતી. કવિ એ વાતને પ્રમાણે છે : તારુણ્યના ઉન્મદ ભ્રાન્ત દર્પમાં, કવિ ત્રણ શબ્દો મૂકી એક ચિંતન પણ વ્યક્ત કરી દે છે. જે ઉન્મદ હોય એ ભ્રાન્ત દર્પમાં જીવતો હોય છે. આ કવિની વિશિષ્ટતા એ છે કઠોરમાં કઠોર સત્યનેય એ ઋજુતાથી અભિવ્યક્ત કરે છે. એટલે જ કદાચ રાજેન્દ્ર શાહના કાવ્યની ઉપલબ્ધિ એક અનન્ય સંવાદિતા હોય છે, સૌંદર્ય અને આનંદ હોય છે.

બીજો કાળ એ વર્તમાનકાળ. પેલી સ્વાનુભૂતિ હવે સમષ્ટિની અનુભૂતિમાં, દર્શનમાં ઓગળી જાય છે. અહીં પાબ્લો નેરુદા યાદ આવે છે. એ નારીતનની વાત કરતાં કરતાં એ વાતને પ્રકૃતિની સાથે જોડી દે. અને પછી સમગ્ર પ્રકૃતિ એક પરમ સંવેદનનું સ્પંદન બની જાય. એક કાવ્યમાં નેરુદા કહે છે :

*who writes your name in letters of smoke.*
*among the stars of the south?*
*oh let me remember you as you were before exist.*

આ કાવ્યમાં  કવિ જે અતીતમાં લુપ્ત થઈ ગયેલું સ્પંદન છે એને પુનઃ પ્રાપ્ત કરે છે.

*પ્રાચી મહીં તે પ્રગટંત ભાસ્વર.*

અહીં વ્યક્તિનું સમષ્ટિમાં રૂપાંતર એ સ્પંદન. એ સંવેદનનું કેન્દ્ર અને વર્તમાનકાળ સર્જાય છે. આ બીજું સ્તર, સૌંદર્યનું પરમ આનંદનું અને કવિ આગળની પંક્તિઓ આપે છે :

*એના ઋજુ સ્પર્શથી આ ચરાચર*
*ઉત્ફુલ, હું વિસ્મયમુગ્ધ પુરના!*

અતીતમાં ધરબાઈ ગયેલી ક્ષણ પૂર્વદિશામાં પ્રગટે છે એના 'ઋજુ સ્પર્શથી', કવિચેતનામાત્ર નહીં સમગ્ર ચરાચર ઉત્ફુલિત બની જાય છે. અને કવિ વિસ્મયમુગ્ધ પુરમાં વહી જાય છે.

રાજેન્દ્ર શાહના એક કાવ્યસંગ્રહનું શીર્ષક 'પ્રેમનો પર્યાય' છે. સૌ કોઈ જાણે છે પ્રેમનો પર્યાય કોઈ હોઈ શકે નહીં. 90 વર્ષેય કવિને જે અભિપ્રેત છે એ, એક શોધ. જો કશુંક પ્રાપ્ત થઈ જાય તો શોધ જ રહે નહીં, સમગ્ર પ્રક્રિયાનો અંત આવે. કવિ અવનવાં અનુભૂતિનાં શિખરો સર કરવા માગે છે અને એટલે પ્રેમનો પર્યાય શોધ કરવા નીકળ્યો છે. આમ રાજેન્દ્ર શાહ એ પ્રક્રિયા–દર્શન અને શોધના કવિ છે. પરમ તત્ત્વને પામીને કવિ અટકતા નથી. એ આગળ વધે છે. શબ્દની સાથે અનુભૂતિના કવિ સાહસવીર છે. અને એટલે જ જ્યાં કોઈ કવિ ન પહોંચે ત્યાં રાજેન્દ્ર શાહ પહોંચે છે.

ત્રીજો કાળ છે સનાતનકાળ. ત્રીજું સૂક્ષ્મ સ્તર છે. એ કોષસ્તર જેઓ આધ્યાત્મિક પ્રક્રિયામાં રત છે એમને ખબર છે શરીરના કોષ સમગ્ર ઉત્ક્રાંતિનું મુખ્ય કેન્દ્ર છે. 'પિંડે તે બ્રહ્માંડે'થી આપણે વાકેફ છીએ.

એ Cellular Consciousnessની પ્રાપ્તિ એ આ કાવ્યની ખરી પરમ ક્ષણ છે. એટલે એમ પણ કહી શકાય કે કવિ કાવ્ય–અનુભવના ભવિષ્યકાળની સંભાવના રચે છે અને એ ભવિષ્યકાળ પરમ સંવાદિતાનો છે.

*પ્રવેગમાં સંસ્થિત, અંતરંગને*
*નિહાળું આલિંગન દેતું અંગને.*

આ અને અનેરું મિલન, જાત સાથે જાતનું. એ અનન્ય કોષચેતના જગવે છે, નવજાગૃતિ સર્જે છે. આ આખી ઉપલબ્ધિનું કારણ તો પેલું પ્રિય પાત્ર છે જેની અવજ્ઞા કરી હતી. જેની ઉપેક્ષા કરી હતી. એ પાત્ર વ્યક્તિ હોઈ શકે, ઈશ્વર હોઈ શકે, ચેતના હોઈ શકે, પણ એ પ્રાપ્ત થાય છે પરમ સૌંદર્યાનાભૂતિથી અને આનંદાનુભૂતિથી.

રાજેન્દ્ર શાહ ગુજરાતી સાહિત્યનું એક એવું શિખર છે એની ઊંચાઈ કલ્પવી પણ ક્યારેય મુશ્કેલ બને છે. શબ્દે શબ્દે ગૂઢાર્થ ખરો જ, શબ્દે શબ્દે દર્શન પણ ખરું, પણ શબ્દે શબ્દે ઉત્થાન પામતી વ્યક્તિચેતના પણ ખરી.

કાવ્યપ્રવાહ કાવ્યના આરંભથી અંત સુધી વહે છે. એક પ્રેમાવેગ શબ્દેશબ્દે વહે છે. ત્યારે કવિ કહે છે :

*એના ઋજુ સ્પર્શથી આ ચરાચર*
*ઉત્ફુલ્લા, હું વિસ્મયમુગ્ધ, પૂરના*
*પ્રવેગમાં સંસ્થિત, અંતરંગને*
*નિહાળું આલિંગન દેતું અંગને.'*

અનેરું ભાષાકર્મ એમની શબ્દપસંદગીમાં અનુભવી શકાય છે. જાણે વહેણ ધીરે ધીરે વહે છે સમગ્ર સૃષ્ટિ એ નિહાળી રહી છે અને કવિ સ્વયં એકરૂપ પામે છે.

એનો પ્રવેગ છે પણ ક્યાં? અંતરંગમાં. આ સાયુજ્ય એ દિવ્ય આલિંગન બહાર નથી અંદર છે, અંગેઅંગને છે. આકાશ બહાર તો છે, ભીતર પણ છે. કોષેકોષમાં આકાશ છે. માત્ર આવશ્યકતા આ અદ્‌ભુત અલૌકિક અનુભૂતિના આલિંગનની છે.

આ કવિને વંદન નહીં ચાલે. એમને આલિંગનથી ઓછું ખપતું નથી. એમની કવિચેતનાને આલિંગન!

●●●

# વિરામચિહ્નો વચ્ચે વિહરતું નોખું હૈયું

## હૈયું

પ્રહલાદ પારેખ

હૈયાની જાણો છો જાત? કે'વી હોયે કંઈયે વાત,
તોયે કે'વી ને ના કે'વી, – બન્ને કરવાં એકીસાથ!

વજ્જર જેવા એને થાવું, ફૂલ સમાયે બનવું સાથ :
ક્યાં વજ્જર ? ક્યાં ફૂલડું ? – તેને બન્નેનો કરવો મેળાપ.

બિન્દુનું ગાવું છે ગાન, સિન્ધુનીયે લેવી તાન :
દોસ્તી સૌ સંગાથે કરવી, નાનાં વા એ હોય મહાન.

દુભાઈને ગાવું પરદુઃખે, ઘવાઈને પોતે ગાવું;
દેવું છે પોતાનું સઘળું, – ને સાથે માગણ થાવું!

સૌની સાથે એક થવું છે, ચિર–સાથી ના કોઈ તણા;
વિરોધમાં દાખવવી સંધિ : એવા એના કોડ ઘણા!

'હૈયું' કાવ્યના આસ્વાદ સંદર્ભે પ્રથમ 'બારી બહાર'ના કવિ પ્રહ્લાદ પારેખની કાવ્યભૂમિની થોડીક વાત જોઈ જવા જેવી છે. પંડમાં પ્રકૃતિનો અનુભવ કરનારા આ કવિ, ખરેખર તો પ્રખર માનવીય સંવેદનાના કવિ છે. 'પંડે બ્રહ્માંડે'ની ઘેરી ફિલસૂફીથી દૂર રહેનારા કવિ 'બારી બહાર' અંતે સ્વ, સમાજ અને સમષ્ટિમાં સંવાદિતા વાંછે છે. એમનો નિતાંત ભાવ આનંદનો છે. એથી જ કવિ 'અમે અંધારું શણગાર્યું'માં કહે છે :

આનંદઘેલાં હૈયે અમારાં આજ અંધારાનેયે અપનાવ્યું!

પ્રસ્તુત પંક્તિમાં 'હૈ' અને 'યે' શબ્દના અવકાશમાં સમગ્ર મનુષ્યઅસ્તિત્વ અને પ્રકૃતિના અપ્રતિમ સૌંદર્યને ભરી દીધું છે. કવિ રૂપાંતરના કવિ છે. કવિની પંચેન્દ્રિયો પંચમહાભૂતમાં રમમાણ છે. પોતાના શરીરના કોષમાં પ્રકૃતિના નિર્મળ સૌંદર્યને ઝીલી એક રૂપાંતર સાધે છે. એ રૂપાંતરની અનુભૂતિની સહજ અભિવ્યક્તિ દ્વારા કલામાં તો ખરું જ, પણ એથીય વિશેષ માનવીય સંવેદનાનું પોતાના સમાજ પ્રતિના રૂપાંતરનો પણ આ સૂક્ષ્મ આલેખ પ્રથમ જોઈ જવા જેવો છે. 'આઠમ–ચાંદની' નામના કાવ્યમાં ચાંદનીનો અંદર–બહાર આવિષ્કાર કરી કવિ કહે છે :

*પળે પળે હું રહું છું અનુભવી*
*એ શાન્ત તેજ.*

શાંત તેજ આત્મસાત્ થયા પછી કવિ પ્રસ્તુત કાવ્યમાં આગળની રૂપાંતર યાત્રા આમ નિરૂપે છે :

*જાગી ગઈ કાંઈ અપૂર્વ ચેતના*
*મુજ રોમરોમ;*
*... ... ...*
*પ્રકાશ તેનો મુજ રક્ત કેરા*
*ભળતો વહેણે.*

રોમરોમ અને રક્તના કણ કણમાં આ શાંત પ્રકાશને પગલે આનંદથી મઢેલું હૈયું લઈ કવિ પ્રસ્તુત કાવ્ય 'હૈયું'માં ભાષાકર્મ–પરંપરામાંથી લાધેલી ઉક્તિને જુદી રીતે અભિવ્યક્ત કરે છે. આ એ હૈયું છે જેણે અંધકારનેય અપનાવ્યો છે. આ એ હૈયું છે જેણે પ્રકૃતિના પરમતત્ત્વ સંવાદિતાને પોતાના રોમેરોમમાં ઝીલ્યું છે.

આ 'હૈયું' અને 'અંધકાર' બેય કવિનાં પ્રિય પ્રતીક છે. અને આ બંને પ્રતીકોને તેઓ 'બારી બહાર' કાવ્યમાં વિવિધ રીતે પ્રયોજે છે. કવિ માત્ર પ્રકૃતિરાગી નથી. કવિ માત્ર સૌંદર્યભોગી નથી. કવિ માત્ર સ્વ સ્પંદનો ભણી જ તણાઈ જતા નથી, પરંતુ પડાવે પડાવે 'બારી બહાર'ના કવિને 'અદના આદમી'ની ખેવના છે. મનુષ્યરાગી કવિ છેવટે તો કહી પણ દે છે :

*હૈયાનો હંસલો આ મારો*
*કે ચારો ચરવાને જાય...*

*આભે ઊડીને એ તો ધરતીને નીરખે,*
*ને ધરતીએ આવી જોતો આભ :*

*મૂંગા છે હંસ પેલા માનસનાં નીર કેરા;*
*મારો આ હંસલો તો ગાય!*

ધરતી પરનો હૈયાનો હંસ તો નિત નિત ગાય છે. કારણ કે એ પરમ સંવાદિતાને, એકરૂપતાને વાંછે છે. 'હૈયું' કાવ્યને ઉપરોક્ત કવિચેતનાની પાર્શ્વભૂમિમાં જોવા જેવું છે. એક તરફ વિશિષ્ટ મનુષ્યતત્ત્વનું ભાવજગત તો બીજી તરફ પોતાની ભાષાના સહજ કર્મમાં ભાષાને વિશિષ્ટ રીતે પ્રયોજવાની રીતિ, એ બે વાતે આ સરળ લાગતા કાવ્યને એક વિશિષ્ટ કાવ્યમાં ઢાળ્યું છે.

*હૈયાની જાણો છો જાત? કે'વી કંઈયે વાત,*
*તોયે કે'વી ને ના કે'વી, – બન્ને કરવાં એકીસાથ!*

પ્રશ્નાર્થ, આશ્ચર્ય, ગુરુરેખા, લઘુરેખા, ગુરુવિરામ, અર્ધવિરામ, અલ્પવિરામ, પૂર્ણવિરામ જેવાં ચિહ્નોના ઉપયોગથી એક વિશિષ્ટ ભાવજગત સ્ફુટ થાય છે. 10 પંક્તિમાં 23 જેટલાં વિરામચિહ્નો વાપરીને કવિએ એક આગવા ભાષાકર્મ દ્વારા સરળ લાગતી અભિવ્યક્તિને અર્થસભર બનાવી છે.

*– બન્ને કરવાં એકીસાથ!*

ગુરુરેખાથી આરંભ અને આશ્ચર્યચિહ્નથી અંત પામતી (પંક્તિ) એક વિસ્મયનો અનુભવ કરાવે છે! સહજ શબ્દપ્રયોજન, હાથવગો લય અને વિશિષ્ટ ભાષા–સભાનતાએ આ પંક્તિમાં મસમોટો ભાવ ભર્યો છે. એક પ્રશ્નાર્થ, એક આશ્ચર્ય, એક ગુરુરેખા અને બે અર્ધવિરામચિહ્નો દ્વારા અહીં મનુષ્યનો સંદિગ્ધ ભાવ મૂકી દીધો છે. આ હૈયું કેવું છે? 'કે'વી' શબ્દને ત્રણ વાર પુનરાવર્તિત કરીને કવિ સલૂકાઈથી કહી દે છે, હૈયાની વાત! જાત, વાત અને સાથના પ્રાસને આધારે જાણે આખી વાતની વિલક્ષણતા અંકે થાય છે.

આખા કાવ્યની દસ પંક્તિઓમાં કુલ ત્રણ ત્રણ પ્રશ્નાર્થચિહ્નો, ત્રણ આશ્ચર્યચિહ્નો, ગુરુરેખા, અર્ધવિરામચિહ્ન અને વિસર્ગચિહ્ન વાપરી કવિએ વિરામચિહ્નોનો વિશિષ્ટ પ્રયોગ કરી એકદમ અંગત વ્યક્તિ બનીને, આપણને વહાલ કરતા કરતા જાણે પોતાના એટલે કે બધાનાં હૈયાંની મૂંઝવણ કહે છે અને પ્રયોજન પણ કહે છે.

અને પછી વજ્જર અને ફૂલના પરિચિત શબ્દરવને બિન્દુ અને સિન્ધુના નવા અર્થભાવના સંદર્ભ મૂકી વધુ નિકટ આવી સમજાવે છે.

સંસ્કૃત સુભાષિતને આપણે જાણીએ છીએ... *વજ્રાદ્ અપિ કઠોરાણી, કુસુમાદ્ અપિ મૃદુરાણી*નો અર્થ તો છે જ પરંતુ એ સંદર્ભને બિન્દુ અને સિન્ધુના રૂપક દ્વારા નવો અર્થ વ્યંજિત કર્યો છે.

*બિન્દુનું ગાવું છે ગાન, સિન્ધુનીયે લેવી તાન :*
*દોસ્તી સૌ સંગાથે કરવી, નાનાં વા એ હોય મહાન.*

નાના અને મહાન બંને છેવટે મનુષ્યો છે, બંને સાથે દોસ્તી કરવાની મહેચ્છા બિન્દુના ગાન અને સિન્ધુના તાન દ્વારા ખૂબીથી પ્રયોજાઈ છે. પણ એક સનાતન paradox – સમગ્ર મનુષ્યજાતિનું વ્યક્ત કરતા કવિ આગળ કહે છે :

*દેવું છે પોતાનું સઘળું; – ને સાથે માગણ થાવું!*

મનુષ્યપ્રકૃતિનું સહજ દર્શન છે. આપવાની વાત તો સમજાય છે પણ કશુંક લેવું પણ છે. અરસપરસની આ પ્રક્રિયા આપણને મનુષ્ય તરીકે ગૌરવ અપાવે છે, અન્યથા નહીં. કવિ દેવ નથી થવા ઇચ્છતા, પુરુષોત્તમ થવા નથી ઇચ્છતા; એ સાચા મનુષ્ય થવાને સર્જાયા છે. એમનું હૈયું તો મનુષ્યનું એક એવું ઘરેણું છે જે નિતનિત ચાહવા જેવું છે. પોતાની અપૂર્ણતાઓને જાણ્યા પછીયે 'હૈયું' કવિ–દર્શન કેટલું તો સાચકલું છે. નક્કર નગદ મનુષ્ય જાણે!

*સૌની સાથે એક થવું છે, ચિર–સાથી ના કોઈ તણા;*
*વિરોધમાં દાખવવી સંધિ : એવા એને કોડ ઘણા!*

આ સ્થિતિ કવિના હૈયાના કોડ છે! વિરોધમાંય સંધિ અને સૌની સાથે એક થવાની ભાવના અનન્ય એટલા માટે છે કેમ કે, એકવીસમી સદીમાં યંત્ર બનતા માણસને કદાચ સાચા મનુષ્ય તરીકે રહેવાની અહીં ગુરુચાવી છે. પ્રકૃતિનું કહો કે, મનુષ્યનું પરમ પ્રયોજન તો છેવટે સંવાદિતા જ છે. એટલે જ કવિનું 'હૈયું' એક દ્વિધા અનુભવે છે.

*તોયે કે'વી ને ના કે'વી, – બંને કરવાં એકીસાથ!*

સંઘર્ષ નહીં, વિવાદ નહીં, માનવીય સંવેદનથી ભરેલું હૈયું કવિનું કેવું તો અનેરું છે! એમના આ કાવ્ય ઉપરાંત હૈયાંની વાત કહેતાં છએક કાવ્યો તો હાથવગાં છે. એ બધાંય નોખાં–નોખાં છે. પરંતુ આ કાવ્યમાં એમની ભાષાસમૃદ્ધિ સવિશેષ વિરામચિહ્નોના ઉપયોગથી અને લય, પ્રાસના સહજ પ્રયોજનથી એક અનન્ય સ્પંદન ભાવકમાત્રમાં ખડું કરે છે.

આપણા મહાન સાહિત્યકાર, દાર્શનિક એવા શ્રી અરવિન્દે પણ જાણે એક ધ્રુવ સત્ય આપ્યું છે :

*All problems of existence are problems of Harmony.*

'હૈયું' કાવ્યના પુનઃ પુનઃ વાંચને, આ સંવાદિતાની અનુભૂતિ કરાવી છે. એક સાચા મનુષ્યનું સાચકલું 'હૈયું' એ જ 'બારી બહાર'ના કવિની અનેરી કાર્યશાળાનો નોખો પ્રસાદ જાણે!

●●●

# જીવન ભણી....

## મૃત્યુ પહેલા મરી જવું
### નિરંજન ભગત

આપણે શું કરીએ છીએ?
એના એ કૂંડાળામાં આપણે બે ગોળ ગોળ ફરીએ છીએ.
જ્યાંથી આરંભ થયો હોય ત્યાં જ તે અંત,
એ અંતથી પાછો આરંભ, આ તે શો તંત?
કાળ થંભ્યો છે ને આપણે ડગ પર ડગ ભરીએ છીએ.
કૂંડાળાની પેલી પાર અનંત કાળ છે,
મનુષ્યોથી ભર્યું ભર્યું વિશ્વ વિશાળ છે,
તો ચાલો ત્યાં, અહીં તો જીવ્યા વિના મૃત્યુ પૂર્વે મરીએ છીએ.

– (અમદાવાદ, 2011)

થોડાક માસ પૂર્વે અનૌપચારિક ચર્ચા કરતાં ભગતસાહેબે એક વિધાન કરેલું, "કળા વગરનું જીવન મરુભૂમિ સમાન છે અને જીવન વગરની કળા મૃગજળ સમાન છે." આ વિધાન વિચારાનુસાર, આ કાવ્યમાં તેમનો જીવનલક્ષી સૂર વ્યક્ત થાય છે.

નગરકવિ નિરંજન ભગતની કાવ્યસૃષ્ટિના મુખ્યત્વે ત્રણ પ્રવાહો છે. પ્રથમ પ્રવાહમાં, પરંપરાની બાનીમાં આધુનિક ચેતના વ્યક્ત થાય છે. પછી આધુનિક સામગ્રીના ઉપયોગ દ્વારા ઊર્મિકાવ્યો પ્રાપ્ત થાય છે અને અંતે વિચાર આધારિત કાવ્યો, જે સ્ત્રી–પુરુષના સંકુલ ભાવજગતને સરળ અને બોલચાલની ભાષામાં, વનવેલીમાં પ્રયોજાયેલાં મળે છે.

આ કાવ્યરચના તેમના ત્રીજા પ્રવાહની રચનાઓમાંની એક છે. જેનો આરંભ તો પેલી આધુનિક ચેતનાની અભિવ્યક્તિથી થાય છે. એમનાં ઉત્તરકાળનાં કાવ્યો પ્રધાનરૂપે સ્ત્રી–પુરુષ સંવાદના સ્વરૂપ (ફૉર્મ)માં જોવા મળે છે. આરંભે જ, ટી.એસ. એલિયટના કાવ્ય 'જે. આલ્ફ્રેડ પ્રુફ્રૉકનું પ્રેમગીત'ની આરંભની પંક્તિઓ યાદ આવી જાય છે. અનુવાદ છે નિરંજન ભગતનો :

*ભલે આપણે જઈએ ત્યારે, તું અને હું,*

*... હું એ સૌને ક્યારનો જાણી ગયો છું, સૌને જાણી ગયો છું –*
*જાણી ગયો છું સંધ્યાઓને, પ્રભાતોને, મધ્યાહ્નોને,*
*મેં કૉફીની ચમચીઓ વડે મારું જીવન માપ્યા કર્યું છે;*
*હું વિલંબિત લયમાં મૃત્યુ પામતા અવાજોને જાણું છું*

સ્ત્રી–પુરુષના સંકુલ ભાવજગતને ચીંધતી એ જ આધુનિક સંવેદના જાણે આ કાવ્યના આરંભે વ્યક્ત થાય છે. ગતિ છે પણ સ્થગિત છે. તે સંદર્ભે કવિ સ્ત્રીને પ્રશ્ન કરે છે અને પોતાને પણ સામેલ કરે છે. કવિ બહાર ક્યાંક નથી, અંદર છે. સાથે છે અને સહભાગીદાર છે. આધુનિક સંવેદનાની આ જ ખૂબી છે. નિરીક્ષક (observer) પોતે ઘટનાનો ભાગીદાર (participant) બને છે.

ત્રણ સ્તબકમાં રચાયેલું આ કાવ્ય ત્રણ સ્થિતિ પણ ચીંધે છે. પ્રથમ સ્તબકમાં જીવનની ગતિ છે પણ સ્થગિત છે. એ પ્રશ્ન થકી પહેલો સ્તબક રચાય છે :

*આપણે આ શું કરીએ છીએ?*
*એના એ કૂંડાળામાં આપણે બે ગોળ ગોળ ફરીએ છીએ.*

ઉપરની પંક્તિમાં એક પ્રશ્ન મૂકીને કવિ જાણે બધાને સામેલ કરે છે. જાણે પ્રત્યેક મનુષ્યને પૂછે છે. શું આ ગતિ છે? જીવનની અગતિ માટે પ્રશ્ન ઊભો કર્યા પછી કવિ બીજા સ્તબકમાં તે અગતિનાં કારણો આપે છે. અને ફરીથી પ્રશ્ન કરે છે. અને ફરીથી સ્થગિતતા અને ફરીથી અગતિનો નિર્દેશ કરે છે. પણ આ બીજો સ્તબક માનવ અસ્તિત્વને વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂકે છે. આ પંક્તિઓમાં પણ સ્થિતિમાં ગતિ અને ગતિમાં સ્થિતિ કવિ મૂકે છે :

*જ્યાંથી આરંભ થયો હોય ત્યાં જ અંત,*
*એ અંતથી પાછો આરંભ, આ તે શો તંત?*
*કાળ થંભ્યો છે ને આપણે ડગ પર ડગ ભરીએ છીએ.*

આ અગતિગમનનો શો અર્થ? કવિ જીવનના અર્થહીન આરંભ અને અંતને અંતે એક નવું પરિમાણ ઉમેરે છે. સમયનું ચતુર્થ પરિમાણ. જે સ્થગિત છે. ‘કાળ થંભ્યો છે’ પણ આપણે ચાલીએ છીએ એટલું નહીં ‘ડગ પર ડગ ભરીએ છીએ’ આ અભાનતાનો તંત દાહક લાગે છે. સ્વયં કાળભગવાન થંભેલો છે. અને આપણે કોઈ અબુધ વ્યક્તિની જેમ દોડીએ છીએ. એ જ આરંભ પછીના એ જ અંતમાં, ફરીફરીને.

ટી.એસ. એલિયટની સુપ્રસિદ્ધ દીર્ઘ કાવ્યરચના ‘ફોર ક્વૉટ્સ’ના બીજા ખંડ ‘ઇસ્ટ કૉકર’ની આરંભની પંક્તિઓની જેમ. જન્મમરણના આ ફેરાનો અંતે શો અર્થ?

*મારા આરંભમાં અંત રહ્યો મારો. કાલક્રમે*
*ગૃહો ઊભાં થાય, કડડડભૂસ પડે, વળી રચાય,*
*દૂર થાય, નાશ પામે, સમાં થાય અને... (અનુ. ધીરુ પરીખ)*

કાવ્યના અંતિમ સ્તબકમાં અંતે કવિ પોતાના પાત્ર સામે એક સુઝાવ મૂકે છે અને કાવ્યની પીઠિકા બાંધે છે :

*કૂંડાળાની પેલી પાર અનંત કાળ છે,*
*મનુષ્યોથી ભર્યું ભર્યું વિશ્વ વિશાળ છે,*
*તો ચાલો ત્યાં, અહીં તો જીવ્યા વિના મૃત્યુ પૂર્વે મરીએ છીએ.*

કાવ્યના આ ત્રીજા સ્તબકમાં ત્રણ પંક્તિઓ ત્રણ ભાવ પ્રગટ કરે છે.

એક, આ જીવનના કૂંડાળા બહાર સમષ્ટિનો લય છે. જે અનંત છે. તેને કોઈ આદિ કે અંત નથી. બીજી પંક્તિ આ કાવ્યની કેન્દ્રીય કાવ્યક્ષણ છે. એ છે મનુષ્યત્વનો મહિમા. મનુષ્યોથી ભર્યુંભર્યું વિશ્વ વિશાળ છે. સાચા જીવનની જડીબુટ્ટી તેમાં છે. અને અંતે કવિ એ મનુષ્ય વચ્ચે જવાનું કહે છે. નિજી કોચલું છોડી વિશાળ જીવનમાં પ્રવેશવા કહે છે. નહીં તો આ કૂંડાળાનું જીવન જે આપણે જીવીએ છીએ તે તો મૃત્યુનો જ પર્યાય છે. અને એ જીવન જીવન નથી. મૃત્યુ પૂર્વે મરી જવા જેવું છે. સાચું જીવન તો મનુષ્યો વચ્ચે છે. આ પંક્તિ સંદર્ભે રવીન્દ્રનાથની પેલી પંક્તિઓ યાદ કરવા જેવી છે. જેનો ધ્વનિ એ જ છે.

*મરિતે ચાહિ ના આમિ સુન્દર ભુવને.*
*માનવેર માઝે આમિ બાંચિબારે ચાઈ,*
*એઇ સૂર્યકરે એઇ પુષ્પિત કાનને*
*જીવન્ત હૃદય–માઝે યદિ સ્થાન પાઇ!*

(આ સુંદર ભુવનમાં મને મરવાની ઇચ્છા નથી. મનુષ્યોની વચ્ચે હું જીવવા ઇચ્છું છું. આ સૂરજનાં કિરણોમાં, આ પુષ્પિત કાનનમાં અને જીવંત હૃદયમાં હું સ્થાન પામવા ઇચ્છું છું.)

પ્રસ્તુત કાવ્ય 'મૃત્યુ પૂર્વે મરીએ છીએ' જીવનનું કાવ્ય છે. તે સમય–સ્થળ–નિરપેક્ષ મનુષ્યત્વનો મહિમા કરે છે. ફરી–ફરીને કવિ જીવન ભણી જાણે ગતિ રચે છે. કવિ પ્રથમ પંક્તિમાં જ કહે છે : આપણે આ શું કરીએ છીએ? અને અંતે તે જ જવાબ રચે છે 'તો ચાલો ત્યાં, મનુષ્યો વચ્ચે' અગતિમાંથી ગતિમાં સરી જવાની અનેરી ક્ષણ દર્શાવતી કાવ્યક્ષણો, આ કાવ્યને સાદ્યંત આસ્વાદ્ય બનાવે છે.

●●●